**બિઝનેસ પ્લાન** | બેરોજગારીને નાથવા IIT-Gnના સ્ટુડન્ટ્સની પહેલ

# મધ્યમ વર્ગના લોકોને તાલીમ આપી આંત્રપ્રિન્યોર્સ બનાવતા વિદ્યાર્થીઓ

**દરેક વ્યક્તિ પોતાનો ખુદનો બિઝનેસ શરૂ કરી શકે છે. તેમાં પૈસા કરતા પણ વધુ જરૂર હોય છે તે માટેની સ્કિલ અને પૈસાની. આઈઆઈટી-ગાંધીનગરના વિદ્યાર્થીઓ દ્વારા મધ્યમવર્ગના વ્યક્તિઓ પોતાનું સ્ટાર્ટઅપ શરૂ કરી શકે તે માટે 'નીવ' આઉટરિચ પ્રોગ્રામ શરૂ કરવામાં આવ્યો છે. જે અંતર્ગત અત્યાર સુધીમાં ૬૦૦થી વધુ લોકો તાલીમ લઈને પોતાનો સ્વતંત્ર વ્યવસાય શરૂ કરી ચુક્યા છે.**

વિજય ચૌહાણ @ahm_cb

'નીવ' પ્રોગ્રામ કો-ઓર્ડિનેટર સૌમ્યા હરીશ કહે છે કે, 'આઈઆઈટીના ડાયરેક્ટરે 2014માં કોમ્યુનિટી માટે કોઈ ઉપયોગી કાર્ય કરવાના હેતુથી દરેકને કોમ્યુનિટી આઉટરિચ પ્રોગ્રામમાં જોડાવવાનું કહ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓ અને પ્રોફેસર્સ મોટાપાયે જોડાયા. ત્યારબાદ અમે આંત્રપ્રિન્યોરશીપની ટ્રેનિંગ આપતા આઈસીક સાથે જોડાઈને ન્યુ સ્ટાર્ટઅપ શરૂ કરવા ઈચ્છતા મધ્યમવર્ગના પરિવારોને વર્કશોપ દ્વારા ટ્રેનિંગ આપવાનું શરૂ કર્યુ. જેમાં ધીમે ધીમે લોકો જોડાતા ગયા. અને તાલીમ પામીને પોતાનો સ્વતંત્ર વ્યવસાય શરૂ કરતા ગયા.' તેમણે વધુમાં કહ્યું કે, 'અમે સમયાંતરે આંત્રપ્રિન્યોરશીપના વર્કશોપ્સ યોજીને લોકોને બિઝનેસ શરૂ કરવાનું પ્રોત્સાહન આપીએ છીએ. અમે લોકોને ટ્રેનિંગ ઉપરાંત તેઓ જેનો બિઝનેસ શરૂ કરવા ઈચ્છતા હોય તે માટેનો બિઝનેસ પ્લાન પણ તૈયાર કરી આપીએ છીએ. આ રીતે અમારી સાથે જોડાઈને ચાંદખેડા-પાલેજના 500થી વધુ લોકો પોતાનો સ્વતંત્ર બિઝનેસ શરૂ કરી ચુક્યા છે.'

**Nobel Cause**



• 'નીવ' આઉટરિચ પ્રોગ્રામ હેઠળ ચાલતાં વર્કશોપમાં સિવણકામ શીખી રહેલી મહિલાઓ.

## આઈઆઈટીની ટ્રેનિંગથી હાઉસવાઈફે શરૂ કરી પોતાની હાઉસકિપિંગ કંપની

ચાંદખેડામાં રહેતા હાઉસવાઈફ શ્રદ્ધા જૈને આઈઆઈટીમાંથી ટ્રેનિંગ મેળવીને ચાંદખેડામાં પોતાની હાઉસકિપિંગ કંપની ચાલુ કરી હતી. જે આજે બહુ સારી ચાલે છે. શ્રદ્ધા જૈન કહે છે કે, 'મેં આઈઆઈટીમાંથી પ્રાપ્ત કરેલી ન્યુ સ્ટાર્ટઅપની ટ્રેનિંગ આજે પણ મને ખુબ કામ આવી રહી છે. મેં ચાંદખેડામાં પોતાના પર્સનલ બિઝનેસ ઉપરાંત આઈઆઈટીમાં પોતાની એક નાની કેન્ટીન પણ શરૂ કરી છે.'

## લોકોને આ મુદ્દા પર ગાઈડન્સ અપાય છે

- બિઝનેસ આઈડિયા ડેવલપમેન્ટ
- નવો બિઝનેસ ક્યારે અને ક્યા સ્થળે શરૂ કરવો?
- બિઝનેસ માટે નાણાભંડોળ કેવી રીતે ઉભુ કરવું?
- બિઝનેસમાં કેવી રીતે સફળતા મેળવી શકાય?
- માર્કેટમાં આજે કઈ વસ્તુની જરૂરિયાત છે?